GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ડાંસડી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૪૮૦ તા.- ૨૨/૦૪/૨૦૨૪

પ્રતિ,

મુખ્ય શિક્ષકશ્રી

તમામ શાળાઓ

ન.પ્રા.શિ.સમિતિ,સુરત.

વિષય:- હીટવેવને કારણે આરોગ્ય પર થતી વિપરીત અસરથી બચવા તેમજ અન્ય જરૂરી વ્યવસ્થા કરવા બાબત

સંદર્ભ:-આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર,સુરત નં.ડીઝાસ્ટર/હીટવેવ/વશી.૬/૧થી૭૧૨/૨૦૨૪ તા.૦૯/૦૪/૨૦૨૪

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આગામી સમયમાં રાજ્યમાં હીટવેવને કારણે આરોગ્ય પર થતી વિપરીત અસરથી બચવા તેમજ અન્ય જરૂરી વ્યવસ્થા કરવા સંબંધે રાજ્ય કક્ષાએથી આપેલ સુચનાનુસાર સંબધિત ન.પ્રા.શિ.સમિતિ, સુરત સંચાલિત શાળાઓમાં નીચે મુજબની કાર્યવાહી કરવા તથા જરૂરી તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૧) તમામ શાળાઓ મારફતે શિક્ષકોની મદદથી બાળકોને હીટવેવ તેમજ તેનાથી થતી અસરો અને બચવાનાં ઉપાયો વિશે સમજણ આપવી.

(૨) શાળામાં પીવાની પૂરતાં પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૩) શાળામાં આવવા તથા છૂટવાનાં સમયે બાળકોએ તડકામાં ન ઉભા રહેવું પડે તેની કાળજી રાખવાની રહેશે.

(૪) શાળામાં આવતાં વિધાર્થીઓને હીટવેવની અસર જણાય તો તેવા વિધાર્થીને લીબુંપાણી/ORS આપવાની વ્યવસ્થા શાળા કક્ષાએ કરવાની રહેશે તેમજ જરૂર જણાયે નજીકનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી જરૂરી સારવાર મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) હીટવેવનાં સમયગાળા દરમ્યાન વિધાર્થીઓને મેદાનમાં કે અન્ય ખુલ્લી જગ્યામાં પ્રવૃત્તિઓ ટાળવાની રહેશે.

(૬) વિધાર્થીઓને હીટવેવથી રક્ષણ મળે તે માટે તા. ૦૪/૦૪/૨૦૨૪ થી તા. ૨૩/૦૪/૨૦૨૪ સુધી શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવનાર છે. જે દરમ્યાન તમામ શાળાઓનાં સમય સવારે ૭:૨૫ થી બપોરે ૧૨:૦૦ સુધીનો રાખવામાં આવેલ છે.

ઉપરોકત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઈ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

<u>નકલ રવાના:-</u> ઉપશાસનાધિકારી ન.પ્રા.શિ.સમિતિ, સુરત તરફ જાણ તથા યોગ્ય થવા માટે
<u>નકલ રવાના:- નિરીક્ષકશ્રી તમામ, ન. પ્રા. શિ. સમિતિ, સુરત તરફ જાણ તથા યોગ્ય થવા માટે</u>
<u>નકલ રવાના:</u> યુ.આર.સી.કો.ઓ.અને સી. આર.સી.કો.ઑ. તરફ જાણ તથા અમલ માટે